## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ચિંતાની વાત નથી.. બાબાને ખાલી મગજમાં 'સનેડો'... 'એ હાલો...' 'રે લોલ...' એવા શબ્દ નવરાત્રી દરમિયાન ભરાઈ ગયા છે...!

# નગરમાં કોમી એખલાસના માહોલમાં ભવ્ય તાજીયા જુલુસ નિકળ્યું

## અખાડાના યુવાનો દ્વારા વિવિધ કરતબ રજુ કરાયા : સેકટરોમાં પણ શરબત પીરસાયુ ઠેર ઠેર ઉત્સાહભેર સ્વાગત

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં આજે સે-૨૯ના હુસેની ચોક ખાતેથી ભવ્ય તાજીયા જુલુસ નિકળ્યુ હતુ. અસત્ય સામેની લડાઈમાં કરબલાના યુધ્ધમાં ૭૨ સાથીઓ શહીદ થયા હતા. ઈમામ હુસેનની સ્મૃતિમાં આજે શહેર અન જિલ્લામાં વિવિધ સ્થળોએથી તાજીયા જુલુસ નિકળ્યુ હતુ. તાજીયા જુલુસનુ સેકટરોમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જયારે તાજીયા દરમિયાન શહેરમાં કોમી એખલાસના દ્રશ્યો સર્જાયા હતા.તાજીયામાં જોડાયેલા અખાડાના યુવાનોએ લાકડી અને તલવારબાજીના કરતબ રજુ કરી નગરજનોને દંગ કરી દીધા હતા.



સે-૨૯ના હુસેની ચોકમાંથી આજે બપોરે ૩ કલાકે ભવ્ય તાજીયા જુલુસ નિકળ્યુ હતુ. આ તબક્કે નગરના મેયર હંસાબેન મોદી, તેમજ કોર્પોરેટરો અને બ્રહમાકુમારીઝની બહેનો શહેર વસાહત મહામંડળના પદાધિકારી સુધીર દેસાઈ કાળુભાઈ દેસાઈ સહીતના આગેવાનો હાજર રહયા હતા. હુસેની ચોકથી તાજીયા જુલુસ શરૂ થઈને ઘ-૬ થી ઘ-૫ થઈને સે-૨૧ જુમ્મા મસ્જીદના રૂટમાં આગળ વધ્યુ હતુ. સેકટરોમાં ઉમળકાભેર હીન્દુ અને મુસ્લિમ બિરાદરોએ કોમી એખલાસના માહોલમાં તાજીયાનુ સ્વાગત કર્યુ હતુ. તાજીયા જુલુસમાં ૧૫ જેટલા વાહનો અને ૧૦ ઉંટલારીઓ જોડાઈ હતી. મુસ્લિમ બિરાદરોની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે નિકળેલા જુલુસ દરમિયાન અખાડાના વિવિધ ૩ જેટલા ગૃપ પણ જોડાયા હતા. ૩૦ જેટલા યુવાનોએ લાકડી અને તલવાર વડે વિવિધ કરતબો રજુ કરીને નગરજનોને દંગ કરી દીધા હતા. યુવાનોના કરતબથી તાજીયા જુલુસમાં આકર્ષણ સર્જાયુ હતુ. સેકટરોમાં તાજીયાનુ ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જયારે તાજીયાના આયોજનને અનુલક્ષી સેકટરવાસીઓ દ્વારા શરબત,પાણી તેમજ કોલ્ડ્રીંકસની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સેંટ ઝેવિયર્સના પૂર્વ વિદ્યાર્થી પરિવારે સ્કૂલના ગ્રાઉન્ડમાં ગરબાનું આયોજન કર્યું હતું.

● ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને પગલે તંત્રની કચેરીઓમાં આજે પણ ધમધમાટ જોવા મળ્યો હતો.

● ગાંધીનગરના સે. ૩૦માં આજે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૧૨ જેટલા સ્થાનોએથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

● શહેરી વિકાસ વિભાગમાં સનદી અધિકારી શ્રી અશ્વિનીકુમાર તાલિમમાંથી પરત આવતાં તેમની નિયુક્તી કરાઈ છે.

● ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલના વરદાયિની માતા મંદિર સંસ્થાન દ્વારા મંદિરના મહાત્મ્ય સહિતની વાતોને લઈ એક ટેલી ફિલ્મ તૈયાર કરવામાં આવી છે.

● ગાંધીનગરમાં વાતાવરણના બદલાવની અસર જોવા મળી રહી છે. મોર્નિંગ વોકર્સની સંખ્યામાં ધીમી ગતિએ વધારો નોંધાઈ રહ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનના વાવેતર માટે ખેડૂતોએ તૈયારીઓ શરૂ કરી છે.

# નગરમાં ઠંડીનો પારો ૨ ડિગ્રી ગગડ્યો

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં ધીમી અને શાંત ગતિએ ગુલાબી ઠંડી આગળ વધી રહી છે. બે દિવસ નગરજનો મોડી સાંજ થતા ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે. ગત રોજ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૯ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે આજે ઠંડીનો ઠંડીનો પારો ગગડતા આજે સાંજ સુધીમાં લઘુત્તમ પારો ૧૭ ડિ.સે. રહેવા પામ્યો હતો. ૨૪ કલાકમાં ઠંડીનો ૨ ડિ.સે. પારો નીચે ગગડતા નગરજનોએ ઠંડીનો ચમકારો મહેસુસ કર્યો હતો. ઋતુચક્ર પ્રમાણે ઓક્ટોબર માસના મધ્ય સુધીમાં ઉત્તર ભારત સહિત મધ્ય ભારતમાં ઠંડીની ઋતુનું આગમન થતુ હોય છે. હાલ મધ્ય ભારતમાં ઠંડી આગળ વધી રહી છે. પરિણામે ગાંધીનગર પાટનગર સહિત રાજ્યમાં ધીમી ગતિએ સાંજ પડતા જ ગુલાબી ઠંડીનું આગમન થઈ રહ્યું છે. છેલ્લા બે દિવસથી નગરજનો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે.

બીજી તરફ દિવસના વાતાવરણમાં તદ્દન વિપરીત અસરો દેખાઈ રહી છે. નગરમાં સવાર દરમ્યાન મહત્તમ તાપમાનનો પારો ૩૫.૫ ડિ.સે. જ્યારે લઘુત્તમ તાપમાનનો પારો ૧૭ ડિ.સે. નોંધાયો હતો. આથી નગરજનો સવારે ગરમી અને સાંજ પડતા જ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. પરિણામે એક જ દિવસમાં નગરજનો બેવડી ઋતુનો પણ ભોગ બની રહ્યા છે.

છેલ્લા બે દિવસથી નગરના વાતાવરણમાં ઠંડીનો પારો ગગડતા નગરજનો ગુલાબી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. ગત રોજ ઠંડીનો પારો ૧૯ ડિ.સે. નોંધાયો હતો. જ્યારે આજે ઠંડીનો પારો ૨ ડિ.સે. નીચે આવતા લઘુત્તમ તાપમાનનો પારો ૧૭ ડિ.સે. રહેવા પામ્યો હતો. સવારે ભેજનું પ્રમાણ ૬૭ ટકા અને સાંજે ૪૦ ટકા નોંધાયો હતો. આમ ઠંડીનું ધીમા પગલે આગમન આગામી સમયમાં નગરજનોને ઠંડીથી ધ્રુજાવશે તો નવાઈ નહી...

# ચ-૦ થી ઈન્દિરાબ્રિજના રૂટમાં સર્વિસ રોડને ફોરલેન બનાવવા વૃક્ષોની કાપવાનું કામ શરૂ

## રૂટમાંથી ૪ હજાર જેટલા વૃક્ષો કપાશે વન વિભાગને ૫૮ લાખનુ વળતર ચુકવાયુ

ગાંધીનગર તા ૨૪

ચ-૦ થી કોબા એરોડ્રોમ માર્ગના સર્વિસ રોડને ફોરલેન બનાવવા માટેનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. અલબત્ત સર્વિસ રોડને રૂપિયાનો તોતિંગ ખર્ચ થાય તેમ હોવાથી આ પ્રાજેકટને હાથ ધરવામાં વર્ષોનો સમય લાગે તેમ છે.જયારે આ પુર્વે માર્ગ મકાન વિભાગ દ્વારા આ રૂટના સર્વિસ રોડને ફોરલેન વૃક્ષો દુર કરવાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. વૃક્ષોના વળતર પેટે તંત્ર દ્વારા વન વિભાગને રૂ ૫૮ લાખનુ વળતર પણ ચુકવી દેવામાં આવ્યુ છે. હાલ રૂટમાંથી વૃક્ષો દુર કરવાનુ કામ ચાલી રહયુ છે. જયારે વૃક્ષો હટાવાયા બાદ કામગીરીમાં વધુ ઝડપ આવશે. જો કે સર્વિસ રાડને ફોરલેન બનાવવાની આ યોજના અન્વયે રૂટમાં આવતા ઓવરબ્રીજના મામલે પણ નવો વિવાદ ઉભો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના કારણે બ્રિજને અનુલક્ષી હાલ આ કામગીરી થઈ શકશે નહી.



ફોરલેન બનાવતા પુર્વે વૃક્ષોની કટોતી શરૂ કરી દેવામાં આવી છે. સર્વિસ રોડને ફોરલેન બનાવવાના આયોજનમાં અંદાજિત ૪ હજાર જેટલા ઝાડ કપાશે આ માટે તંત્ર દ્વારા વન વિભાગને રૂ ૫૮ લાખનુ વળતર પણ ચુકવી દેવામાં આવ્યુ છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે કોરીડોર બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જો કે હજુ કોરીડોરનો પ્રોજેકટ અભ્યાસુ તબક્કામાં હોવાથી આગળનુ આયોજન માત્ર પેપર પર જ છે. જયારે કોરીડોરના નિર્માણ માટે કરોડો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ચ-૦ થી કોબા અને એરોડ્રોમ સુધીના સર્વિસ રોડને ફોરલેન બનાવવા અંદાજિત રૂ ૪૮ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવશે.સર્વિસ રોડને ફોરલેન બનાવવાના કામ સંદર્ભે વર્ક ઓડર આપી દેવામાં આવ્યો છે. જેને અનુલક્ષી જવાબદાર એજન્સી મારફતે કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. સર્વિસ રોડના નિર્માણ માટે ચ-૦ થી કોબા અને આગળના રૂટમાં અંદાજિત ૪ હજાર જેટલા વૃક્ષો કાપવા પડે તેમ છે જયારે રૂટમાંથી

# સેક્ટર-૨૧માં ફૂટપાથ પર અશ્લીલ વિડીયો સીડી વેચતો વેપારી ઝડપાયો

## ૩૯ નંગ અશ્લીલ વિડીયો સીડી સાથે વેપારીની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૪

શહેરના સેક્ટર-૨૧ ખાતે સ્થિત ગોપાલ ડેરીની સામેના ભાગે ફૂટપાથ પર લારી લઈને ઉભા રહેતા ઓડીયો-વિડીયો સીડીના વેપારીને ત્યાં સે. ૨૧ પોલીસ બપોરે દરોડો પાડ્યો હતો. ખુલ્લેઆમ આ વેપારી અશ્લીલ વિડીયો સીડીનું વેચાણ કરી રહ્યો હતો. સે. ૨૧ પોલીસે ૩૯ નંગ સીડી સાથે વેપારીની ધરપકડ કરી લઈને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સેક્ટર-૨૧ પોલીસ મથકના ડીસ્ટાફ પીએસઆઈ સી.બી. ચૌહાણ તથા તેમની ટીમે બાતમીના આધારે સેક્ટર-૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગમાં સ્થિત ગોપાલ ડેરી સામે ઓડીયો-વિડીયો સીડીની લારી પર દરોડો પાડ્યો હતો. લારી પરથી ૩૯ નંગ અશ્લીલ વીડીયો સીડીઓ સીડી મળી આવતા પોલીસે રૂ. ૧૧૭૦ની કિંમતની સીડીઓ જપ્ત કરી વેપારી ગણેશ નાગર ચાવડાની આઈપીસી કલમ ૨૯૨ હેઠળ ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચૂંટણીઓ જાહેર થતાં જ રાજકીય પક્ષોના કાર્યાલયો ધમધમવા લાગ્યા

ગાંધીનગર, તા.૨૪

જિલ્લા તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણીઓ જાહેર થતાં જ રાજયમાં રાજકીય ગરમાવો શરુ થવા પામ્યો છે. રાજય ચૂંટણી પંચ દ્વારા ગઈ કાલે ચૂંટણીઓ જાહેર કરવામાં આવી છે. રાજયની ૨૧ જિલ્લા પંચાયતો અને ૨૩૦ તાલુકા પંચાયતો, ૫૬ નગરપાલિકાઓની ચૂંટણીઓ આગામી ૨૯મી નવેમ્બરના રોજ યોજાનારી છે.

ચૂંટણી જાહેર થતાં જ ટીકીટ વાંચ્છુઓ સક્રિય બન્યા છે અને ટીકીટ મેળવવા માટે પક્ષના કાર્યાલય પર નેતાઓને મળવા માટે દોડવા લાગ્યા છે. કયાંક વિસ્તારમાં કરેલી કામગીરીને આગળ ધરીને ટીકીટ માટે દાવો કરવામાં આવી રહ્યો છે. ચૂંટણીઓ જાહેર થતાં જ રાજકીય પક્ષોના પ્રદેશ કાર્યાલયો પણ કાર્યકરોથી ધમધમવા લાગ્યા છે. પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરતાં ટીકીટ વાંચ્છુઓની લાઈનો લાગવા પામી છે.

આ વખતે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ હોઈ બંને પક્ષો દ્વારા આ વખતે ઉમેદવાર પસંદગીના મામલે કડક વલણ અપનાવે તેવી શકયતા છે.

પાટીદાર આંદોલનની અસરના કારણે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો આ વખતે સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને જ્ઞાતિ સમીકરણોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરી તેવી શકયતા સેવાઈ રહી છે.

# પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની ૨૮મીએ બેઠક

ગાંધીનગર, તા.૨૪

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં રાજયની ૬ મહાનગરપાલિકા માટે ઉમેદવાર પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

રાજય ચૂંટણી પંચ દ્વારા મહાપાલિકા જિલ્લા તાલુકા પંચાયતો અને નગરપાલિકાની બે તબક્કામાં ચૂંટણીઓ યોજાવાની જાહેરાત કરવામાં આવી છે. જે અનુસાર પ્રથમ તબક્કામાં રાજયની અમદાવાદ, રાજકોટ, જામનગર, ભાવનગર, વડોદરા અને સુરત એમ ૬ મહાપાલિકાની ચૂંટણી યોજાનાર છે. પ્રથમ તબક્કામાં ૬ મહાપાલિકાની ચૂંટણી યોજાનાર હોઈ આ મહાપાલિકા માટે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

આગામી ૨૮મીના રોજ પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળનારી છે. જેમાં આ ૬ મહાપાલિકા માટે જિલ્લા નિરીક્ષકો અને શહેરના આગેવાનો સામે બેઠકો કરીને સંભવિત ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા કરીને એક પેનલ યાદી તૈયાર કરવામાં આવશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની ફરી બેઠક મળશે અને તેમાં પેનલ યાદી પરના સંભવિત નામો પર ચર્ચા વિચારણા કરીને આખરી ઉમેદવારોના નામોની પસંદગી કરીને આખરી ઉમેદવારોની યાદી તૈયાર કરીને આ નામોને મંજુરીની મહોર મળશે. જયારે જિલ્લા તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ માટે ઉમેદવાર પસંદગી માટે ૨જી નવેમ્બરથી ત્રણ દિવસ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે.


## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
**ઈશ્વરસિંહ પુંજાજી ચાવડા**
તા.૨૨-૧૦-૨૦૧૫ને ગુરૂવારના રોજ વૈકુંઠવાસી થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૬-૧૦-૨૦૧૫ને** સોમવારના રોજ સવારે ૯ થી ૨ દરમ્યાન અમારા નિવાસ્થાને રાખેલ છે.

નિવાસ્થાન :- આનંદપુરા (અંબોડ) તા.માણસા, જી.ગાંધીનગર મો.૯૯૦૪૧ ૫૧૨૨૫

યશપાલસિંહ ઈ.ચાવડા (પુત્ર) — તખુજી ગોપાળજી ચાવડા (કાકા)
મહેન્દ્રસિંહ ઈ.ચાવડા (પુત્ર) — જીલુજી પુંજાજી ચાવડા (ભાઈ)
શંકરજી તખુજી ચાવડા (ભાઈ) — પ્રવિણસિંહ પુંજાજી ચાવડા (ભાઈ)




**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડીયાળો સર્વિસ કરી આપવામાં આવશે.**
**ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.**
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

**શ્રી ગાયત્રી વોચ કંપની**
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, ગાંધીનગર. મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

લાઈફ કેર ઘરઘંટી
સુપર સ્માર્ટ સ્ટ્રોંગ

Smart + ISO 9001 : 2008 5 Year Motor Guarantee

**સહુથી શ્રેષ્ઠ દળશે, સુંદરતા એવી કે ઘરનું ઘરેણું બની જશે.**

હવે સમય આવી ગયો છે, કુટુંબના સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ નિર્ણય લેવાનો, તો શા માટે આટલી ધીરજ ? તો આજે જ ખરીદો લાઇફ કેર ઘરઘંટી અને મેળવો શ્રેષ્ઠ ઓફરનો લાભ.




**સૌથી આધુનીક સ્ટેનલેસ સ્ટીલનું ગ્રાઇન્ડીંગ ચેમ્બર, જે રાખશે અનાજના પ્રોટીન, વિટામીનની કાળજી.**

અક્ષર પુરૂષોત્તમ એન્ટરપ્રાઇઝ: ગાંધીનગર સે-૨૪:૦૭૯-૨૩૨૮૭૯૧૩, મન ઈલે: ગાંધીનગર સે-૨૧:૦૭૯-૨૩૨૪૪૫૧૧, મન ઈલે: સે-૧૧, દુકાન નં-૯, હવેલી આર્કેડ પાસે,રાધે સ્વીટની બાજુમાં, ગાંધીનગર. ૦૭૯-૨૩૨૨૪૫૧૧ શિવ હોમ એપ્લાયન્સીસ: કુડાસણ:૮૯૮૦૯૩૩૧૧૧, અરૂણ ઈલે: દેહગામ:૦૪૭૧૬-૨૩૩૨૩૯, ૯૮૨૫૯૪૧૬૬૬, હર્ષ ઈલે: મોટા ચીલોડા:૯૪૨૬૩૮૩૦૧૫, કેપીટલ ઈલે: કલોલ:૯૮૯૮૯૬૫૫૩૨, યોગેશ્વર ઈલે. માણસા - ૯૧૭૩૮૬૦૦૨૪ મહેસાણા - ઉમિયા સેલ્સ - ૯૭૧૨૩૮૦૨૨૨, જય ઈલે. - ૯૮૨૪૪૦૭૧૯૧, ● પાલનપુર - નિલમ યુટીલીટી - ૦૨૭૪ ૨૨૬૬૯૨૨ ● કડી - આદ્ય શક્તિ ઈલે. - ૯૮૯૮૫૮૧૨૬૬ ● કહોડા - હિના ઈલે.- ૯૮૨૫૭૦૧૭૬૬ ● કલોલ - કેપીટલ ઈલે. - ૦૨૭૬૪ - ૨૨૮૩૩૯ ● બેચરાજી - પરેશ ઈલે. - ૯૮૭૯૭ ૮૬૮૧૯ ● વિજાપુર - પદ્માવતી ઈલે. - ૯૮૭૯૩ ૧૧૪૦૭ ● વિસનગર - સેલ્સ ઈન્ડીયા - ૯૮૭૯૨ ૧૫૪૦૩ ● ડીસા - જલારામ એપ્લાયન્સીસ - ૮૦૦૦૨૧૩૧૩૪, નંદી શોપી - ૯૭૨૪૧૩૨૭૫૦ ● દીયોદર - વિહત સેલ્સ - ૯૪૨૮૧૫૯૮૧૧ ● થરા - મારૂતિ ઈલે. - ૯૯૯૮૩ ૦૦૫૬૭ ● ભાભર - મહેન્દ્ર ઈલે. - ૦૨૭૩૫ ૨૨૨૨૩૩ પ્રાંતિજ - ન્યુ અંકુર ઈલે. - ૯૮૭૯૧ ૩૪૬૮૧ ● સાંઠબા - હરિ ઓમ ઈલે. - ૯૮૭૯૦૮૨૪૦૯ ● મેઘરજ - કુશ્કીવાલા ઈલે. - ૯૪૦૮૯ ૩૧૫૬૩ ● હિંમતનગર - શાહ ખેમ ચંદ ઇલે. - ૦૨૭૭૨૨૪૧૮૪૭, સાબર ઈલે.-૯૮૨૫૫૫૪૨૩૨, શેઠ ટ્રેડિંગ - ૨૪૨૮૭૧, ૨૪૮૨૬૮, સન ઈલે. - ૯૪૨૭૦ ૩૭૬૮૩ ● પાટણ - રાજ ઈલે. - ૯૮૨૪૩ ૪૫૦૪૧, ઠક્કર સેલ્સ - ૯૭૨૨૩ ૩૪૧૨૦ ● સિદ્ધપુર - શિવમ સેલ્સ - ૦૨૭૬૭ ૨૨૪૬૯૪ ● રાધનપુર - મૈત્રી ઈલે. - ૯૭૨૭૨ ૮૬૨૧૬, આશાપુરા ઈલે. - ૯૮૨૪૩ ૫૨૯૧૬ ● હારીજ - ઈશ્વરલાલ એન્ડ કું. - ૯૯૦૯૬૦૦૨૧૧ ● ચાણસ્મા - મારૂતિ ઈલે. - ૯૯૨૪૨૮૬૯૪૧ ● મોડાસા - સી.એમ.કડીયા સેલ્સ - ૯૮૯૮૫૬૯૨૩૪ ● ધનસુરા - તરુણ ઈલે.- ૯૪૨૭૦૫૮૭૬૩ ● શંખેશ્વર - ભવાની ઈલે. - ૯૭૨૩૫૪૫૭૩૨ ● માણસા - યોગેશ્વર ઈલે. - ૯૧૭૩૮૬૦૦૨૪ ● તલોદ - સત્યનારાયણ સેલ્સ - ૯૧૨૭૭૯૭૨૪૦ ● વારાહી - બ્રમ્હાણી ઈલે. - ૯૯૭૯૬૯૫૩૩૭ ● કુકરવાડા - વિષ્ણુ ઈલે. - ૯૪૨૭૫૪૬૦૯૭ ● ગોજારીયા - શ્રી અબૃદા ઈલે. - ૯૮૨૪૧૨૯૦૨૪